# Gujarati (110)
# Sample Question Paper
## Std. XII (2025-26)

| નોંધ | NOTE |
|---|---|
| ➢ આ પ્રશ્નપત્રને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. | The question paper is divided in two parts. |
| ➢ વિભાગ અ – વસ્તુનિષ્ઠ પ્રશ્નો (MCQ) તેમજ ટૂંકા પ્રશ્નો પૂછવામાં આવશે. | Part A: Objective type questions. (MCQ) and very short question. |
| દરેક ઉત્તર માટે 1 અંક નિર્ધારિત છે.<br>(અ) વિભાગ કુલ 40 ગુણનો હશે. | Each Answer carries 1 mark.<br>Total - 40 marks. |
| ➢ વિભાગ (બ) વર્ણનાત્મક પ્રશ્નો | Part B: Subjective Descriptive questions |
| ➢ આપેલી સૂચના પ્રમાણે આ વિભાગમાં પ્રશ્નોત્તર લખવાના રહેશે. | As per the instructions given the questions and answers of this section have to be written. |
| ➢ કુલ ગુણ 40<br>➢ પ્રશ્નપત્રમાં ઉત્તર લખતા પહેલા તેનો સિરિયલ નંબર અવશ્ય લખવો. | Total - 40 marks.<br>Please write down the serial number of the question before attempting it. |

## ગુજરાતી
## ધોરણ-XII (110)

સમય – 3 કલાક — Time: 3 hrs.

કુલ ગુણ -80 — M.M.- 80

**PART A (વસ્તુનિષ્ઠ પ્રશ્નો)** **(40)**

**(Advanced Reading Skill)**

**પ્રશ્ન-1. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો.** **(5x1=5)**

શ્રેષ્ઠ પુસ્તકોને ઉત્તમ મિત્રો ગણી શકાય. તેઓ આપણને સુખદુ:ખમાં સાથ આપે છે. સમભાવપૂર્વક રહેવાની પ્રેરણા આપે છે. મુશ્કેલીમાં સહિષ્ણુતા જાળવવાની ક્ષમતા પુસ્તકો જ આપણને શીખવે છે. સતત પ્રયત્નશીલ રહેવાની વાત તે આપણને કહી જાય છે. ગાંધીજીનું પુસ્તક 'સત્યના પ્રયોગો' વાંચીને તો નિખાલસતા અને સત્ય પર જીવન ટકાવવાની પ્રેરણા મળે છે. વિજ્ઞાન વિષયક પુસ્તકના વાચનથી અવનવી શોધોની માહિતી પ્રાપ્ત થાય છે. અંધશ્રદ્ધા, વહેમો અને કુરિવાજોમાંથી બહાર લાવવામાં પણ આવા જ્ઞાનસભર પુસ્તકો જ ભાગ ભજવે છે. શ્રેષ્ઠ પુસ્તકો વાંચવાથી આપણા વ્યક્તિત્વમાં પણ પરિવર્તન આવી શકે છે. આજકાલ લોકો પાસે વાંચવાનો, પુસ્તકાલયમાં જવાનો સમય જ રહ્યો નથી. તેમની રુચિ પણ બદલાઈ છે. પરિણામે વાચકોની સંખ્યા ઘટતી જાય છે. આમ, છતાં સારાં પુસ્તકોનું જીવનમાં એટલું

જ મહત્ત્વ છે. સંસ્કારી કુટુંબોમાં તેનું સ્થાન છે જ ચાલો, આપણે પણ આવા ઉત્તમ પુસ્તકો સાથે મૈત્રી કરીએ. તેમને આપણા જીવનમાં સ્થાન આપી તેમાંથી યોગ્ય સંસ્કાર અને માર્ગદર્શન મેળવીએ.

**પ્રશ્નો:**

(I) શ્રેષ્ઠ પુસ્તકો આપણને શું શીખવે છે?

(II) 'સત્યના પ્રયોગો' પુસ્તક વાંચવાથી શું પ્રેરણા મળે છે?

(III) વિજ્ઞાન વિષયક પુસ્તકના વાચનથી શું પ્રાપ્ત થાય છે?

(IV) પુસ્તકના વાચકોની સંખ્યા કેમ ઘટતી જાય છે?

(V) ઉત્તમ પુસ્તકો સાથે મૈત્રી કરીને શું મેળવી શકાય છે?

**પ્રશ્ન-2 નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તરનો સાચો વિકલ્પ શોધીને લખો.** (5x1=5)

આપણે તો આવળ, બાવળ, બોરડી, કેસર ઘોળ્યા ગલના ગોટા જી;
હલકાં તો પારેવાની પાંખથી મહાદેવથીયે મોટા જી.
આપણા ઘડવૈયા બાંધવ આપણે !

કોઈ તો રાચે છે વેળુછીપથી, કોઈ તો જળને હિલ્લોળ જી;
મરજીવો ઊતરે મ્હેરામણે, માથા સાટે મોતી-મોલ જી.
આપણા ઘડવૈયા બાંધવ આપણે !

નજરું ખૂંપી છે જેની ભોંયમાં, સામે પૂર એ શું ધાય જી !
અધીરા ઘટડાનો ધોડો થનગને, અણદીઠ ઓરું એને પાય જી.
આપણા ઘડવૈયા બાંધવ આપણે !

બેઠેલાનું બેઠું રહે વિમાસણે, વેળા જુએ નહિ વાટ જી;
ઝાઝેરો ઝૂક્યો છે આંબો સાખથી, વેડે તેને આવે હાથ જી;
આપણા ઘડવૈયા બાંધવ આપણે !

પંડની પેટીમાં પારસ છે પડ્યો, ફૂટેલા ફૂટે કરમ જી.
વાવરી જાણે તે બડભાગિયો, ઝળહળ એના રે ભવન જી.
આપણા ઘડવૈયા બાંધવ આપણે !

**પ્રશ્નો** :

(I) કવિ પોતાને કોની સાથે સરખાવે છે?

(A) આવળ, બાવળ, બોરડી અને ગલના ગોટા

(B) સોના, ચાંદી અને કથીર

(C) આળસ, પ્રમાદ અને એદીપણું

(D) જીવન, સમર્પણ અને બલિદાન

(II) મરજીવો મહેરામણે શા માટે ઊતરે છે?

(A) પોતાના શોખ પૂરા કરવા

(B) અણમોલ મોતી મેળવવા

(C) પોતાનું ગુજરાન ચલાવવા

(D) સમજપૂર્વક વેપાર કરવા

(III) લક્ષ્યને કોણ પ્રાપ્ત કરી શકતું નથી?

(A) અતિશય પરિશ્રમી

(B) પ્રારબ્ધવાદી અને પુરુષાર્થી

(C) અધીરા ઘટડાનો ઘોડો

(D) જેની નજરું ભોંયમાં ખૂંપી છે.

(IV) બેઠેલાનું બેઠું રહે વિમાસણે, વેળા જુએ નહિ વાટ જી, - આ પંક્તિ પૂર્ણ કરો.

(A) હલકાં તો પારેવાની પાંખથી મહાદેવથીયે મોટા જી.

(B) ઝાઝેરો ઝૂક્યો છે આંબો સાખથી, વેડે તેને આવે હાથ જી;

(C) અણદીઠ ઓરું એને પાય જી.

(D) આપણા ઘડવૈયા બાંધવ આપણે !

(V) કવિ બડભાગિયો કોને કહે છે?

(A) પોતાનું ભાગ્ય પોતે ઘડે તેને

(B) માત્ર બેસી રહેનારને

(C) પોતાની મહેનતમાં નિષ્ફળ જનારને

(D) લક્ષ્ય સિધ્ધ ન કરનારને

## (Literature)

**પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ) (5x1=5)**

(I) ‘એક સરખા દિવસ સુખના’ કાવ્યમાંથી શો બોધ મળે છે?

(A) અહંકાર ત્યજી, અન્યને ઉપયોગી બની ઈશ્વરની સર્વોપરિતાનો સ્વીકાર કરવાનો.

(B) ધર્મકાર્યોમાં મન પરોવવાથી શાંતિ મળે.

(C) સમાજના કલ્યાણ માટે સંસારનો ત્યાગ કરવો.

(D) મનુષ્યે પરિશ્રમ દ્વારા પોતાનું નસીબ પોતે જ ઘડવું કુદરતનો કયો નિયમ બદલાતો નથી?

(II) કવિ કાગ ભાવિ અંગેની શી કલ્પના કરે છે?

(A) સાથે બળીશું, ભેળા જન્મીશું

(B) એશોઆરામવાળી જિંદગી જીવીશું

(C) દેશનું ભાવિ ઉજ્જવળ કરીશું

(D) લક્ષ્યસિધ્ધિ કરીશું

(III) ‘વતનનો તલસાટ’ કાવ્યમાં કવિને ભગિની-ભેરુ મળશે પરંતુ ______ નહિ મળે.

(A) કાલગંગામાં વિલીન થયેલી મા

(B) સીમ, પાદર અને ખેતરો

(C) કૂવાકાંઠે પાણી ભરતી પનિહારીઓ

(D) સંધ્યા સમયની આરતીનો પ્રસાદ

(IV) ‘ઢોરાં’ લઘુકથામાં લેખકે રાજીમાને શી સલાહ આપી?

(A) મહેનત કરીને પૈસા કમાવાની

(B) ઢોરાં વેચીને નિરાંતે રહેવાની

(C) શહેરમાં છોકરાઓ પાસે જવાની

(D) દીકરાઓનો મોહ છોડી દેવાની

(V) નારાયણ હેમચંદ્રને શો શોખ હતો?

(A) પુસ્તકો વાંચી ભાષાંતર કરી લોકો સુધી જ્ઞાન પહોંચાડવાનો

(B) મિત્રો બનાવીને મોજ કરવાનો

(C) વાર્તાલાપ કરવાનો અને જ્ઞાન મેળવવાનો

(D) વાનગીઓ બનાવીને ખવડાવવાનો

(VI) ચિરાયુનું રેશમી વસ્ત્ર સાંધી ન શકાયું...કારણ કે,

(A) એટલા પાપ વિનાના વર્ષ સિદ્ધપુરુષ પાસે ન હતા.

(B) એટલા પાપ વિનાના વર્ષ કોઈની પાસે ન હતા.

(C) ચિરાયુએ વસ્ત્ર ઉતારીને ફેંકી દીધું હતું.

(D) વસ્ત્રનું કાણું મોટું થઈ ગયું હતું.

**પ્રશ્ન – 4 નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **(5x1=5)**

મને આ રસ્તાઓ જરીય ઠરવા દે ન, ઘરમાં
ઘૂસી આવે ક્યાંથી ઘર વગરના, ચોર; પકડી
લિયે હૈયું, મારા કર પકડીને જાય ઘસડી,

ન પૂરું સૂવા દે; સ્વપ્ન મહીં આવે નજરમાં.
વીંટાયા છે કેવા પૃથિવી ફરતા લેઈ ભરડા !
નવા અક્ષાંશોની ઉપર નવ રેખાંશ-ગૂંથણી !
અરે, આ કૈં વાંકા ગલ જલધિનીરે જઈ પડ્યા !

હલાવું આ બીજા તરુવિટપ શા, તો મધપૂડા

ઊડે વસ્તી કેરા ટીશી ટીશી રહે શી બણબણી !
મને આ પૃથ્વીની પ્રીત પણ અરે, એવી જ મળી :
રહે ના દીવાલો ભીતર ગૃહિણી શી ઘર કરી;

છતાં, હાવાં તોયે રખડું-શું હૈયું એવું હળ્યું કે
હું સ્વર્ગેથીયે આ પૃથિવી પર પાછો ફરીશ, હા;
હજી કૈં કૈં રસ્તા મુજ પદની મુદ્રા વણ રહ્યા.

ઉશનસ્

**પ્રશ્નો :**

(I) કવિને શેના પ્રત્યે આકર્ષણ છે? શા માટે?

(II) રસ્તાઓ શી રીતે પૃથ્વી પર વીંટળાયેલા છે?

(III) સૂની બપોરે કવિને શાથી અકળામણ થાય છે?

(IV) ઝાડની ડાળી પર શું રહેલું છે? એને હલાવતા શી સ્થિતિ થાય છે? આ દ્વારા કવિ શું કહે છે?

(V) 'આ રસ્તાઓ' કાવ્યના અંતમાં કવિની શી ઇચ્છા છે?

(VI) 'આ રસ્તાઓ' કાવ્યનો પ્રકાર જણાવો.

**પ્રશ્ન -5 નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **(5x1=5)**

એડ્રિયાટિક સમુદ્રના 114 ટાપુઓમાં વસેલું વેનિસ નગરી અત્યંત મોહક છે. વાહનવ્યવહારના સાધન તરીકે ગંડોલા જ મુખ્ય સાધન છે. ગંડોલા એટલે નાનકડી હોડી. ગંડોલાના નાવિકો અંતરને ઓગાળી દે એવું સંગીત વહાવે છે, જાણે વૃંદાવનમાં વાગતી વેણુનો નાદ. રાત્રે વિવિધ રંગોની લાઇટના પ્રકાશનું પ્રતિબિંબ ગ્રાન્ડ કેનાલને મુગ્ધ અને નયનરમ્ય બનાવે છે. વેનિસની કેડે શોભતી ઘુઘરિયાળા કંદોરા સમી આ કેનાલ રાત્રે સાતસરા હારની જેમ શોભી ઊઠે છે. તેની આ શોભા સાથે રેલાતા સંગીતના સૂરો ઇંદ્રલોકની યાદ અપાવે છે. પ્રભાતના સુવર્ણકિરણોથી વેનિસ સુવર્ણ-નગરી જેવી ઝળહળી ઊઠે છે. સમુદ્ર પર રેલાતો સૂર્યપ્રકાશ, નાનામોટા મોજાઓ પરથી સરકતી હોડીઓ અને હવાની ગુલાબી તાજગી અંતરમનને તરોતાજા બનાવે છે. ગાઢ વૃક્ષો પર પડતા સૂર્યપ્રકાશની રોશની સુવર્ણરજ જેવી લાગે છે. આમ, સમુદ્ર પરની આહ્લાદક અને સ્ફૂર્તિદાયક સફર માર્કોપોલોનું સ્મરણ કરાવે છે. વેનિસ શહેર તેની ભોગોલિક સીમા જલમાર્ગો અને સૌંદર્યમાં અનુપમ છે. તેની સાથે સાથે તે તેના સ્થાપત્યકલાના અત્યંત સુંદર અને અદ્દ્ભુત નમૂનાથી ભરપૂર છે. એક જુઓ અને એક ભૂલો, એટલે જ રસ્કિન જેવા સ્થાપત્યકલાના નિષ્ણાતે ત્યાં વર્ષો ગાળી વેનિસની આ કળા પર અભ્યાસપૂર્ણ ગ્રંથ લખ્યો છે. જગતને ભૂલી ગયો હોય તેમ રસ્કિને વર્ષો વેનિસની સ્થાપત્યકલા પાછળ ગળેલા.

**પ્રશ્નો**:

(I) વેનિસની મોહકતા શેમાં છે?

(II) ગંડોલા શું છે?

(III) રાત્રે ગ્રાન્ડ કેનાલ કેવી રીતે શોભે છે?

(IV) પ્રભાતના સુવર્ણકિરણોની વેનિસ પર શી અસર થાય છે?

(V) લેખક નાવિકોના સંગીતની સરખામણી શાની સાથે કરે છે?

(VI) રસ્કિન વેનિસમાં શા માટે વર્ષો સુધી રહ્યો?

## (Applied Grammar)

**પ્રશ્ન-6.(A) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ પાંચ)** **(5x1=5)**

(I) નીચેનામાંથી 'પેગડાંમાં પગ ઘાલવો' રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.

(A) સમજણશક્તિ કેળવવી

(B) બરાબરી કરવી

(C) યોગ્ય અવસર મળવો

(D) પરાજયની પરંપરા સર્જવી

(II) નીચેનામાંથી 'કાળજું બાળવું' – રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.

(A) મનનું સમાધાન કરવું

(B) જીવનમાં નિષ્ફળ જવું

(C) મનને દુઃખી કરવું

(D) સ્વજનોને સંતોષ આપવો

(III) નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય છે?

(A) આકાશપાતાળ એક કરવા – આભ ધરતીનો છેડો શોધવો

(B) આંખ ઉઘડવી - તર્કબુદ્ધિનો ઉપયોગ ન કરવો

(C) ઊંધું વાળવું – બધું બરાબર કરી દેવું

(D) તાગડધિન્ના કરવા – મોજમજા કરવી

(IV) નીચેના રૂઢિપ્રયોગ અને તેના અર્થનું કયુ જોડકું યોગ્ય નથી?

(A) એકના બે ન થવું – મક્કમ રહેવું

(B) કાચા કાનનું હોવું – બીજાની વાતમાં આવી જવું

(C) મદ ઊતરી જવો – ખૂબ અભિમાની બનવું

(D) કૂવો-હવાડો કરવો – આત્મહત્યા કરવી

(V) નીચેનામાંથી 'બુદ્ધિ લોપ પામવી' રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.

(A) અક્કલ નષ્ટ થવી

(B) માત્ર પોતાને જ શ્રેષ્ઠ ગણવું

(C) ખરી કસોટી કરવી

(D) બુદ્ધિપૂર્વક કાર્ય કરવું

(VI) નીચેનામાંથી 'બંડ કરવું' રૂઢિપ્રયોગનો સાચો અર્થ લખો.

(A) બગાડ કરવો

(B) બોજરૂપ બનવું

(C) વિરોધ કરવો

(D) મુસીબતનો સામનો કરવો

**(B) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **(3x1=3)**

(I) નીચેના વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો.

(A) રોજ સવારે સૂર્યદેવને જળનો અભિષેક કરવાનો બાનો નિયમ હતો.

(B) મારી વેદનાને લીધે હું સૂઈ રહ્યો અને હવે કોઇ પૂછે તો કંઈ કહેવું નહિ એવો નિશ્ચય કર્યો.

(C) પરિશ્રમ કરનારને સફળતા અવશ્ય મળે.

(D) લક્ષ્ય નિર્ધારિત કરવાથી જીવનમાં આગળ વધી શકાય.

(II) નીચેના વાક્યોમાંથી સંયોજકવાળું વાક્ય શોધીને લખો.

(A) પોતાના લક્ષ્ય માટે અવશ્ય લડવું પડે.

(B) પ્રભાશંકર કરકસરથી ઘર ચલાવતા હતા.

(C) પૂનમનો ચાંદો ઊગી ગયો છે પણ હજી એનું અજવાળું આવ્યું નથી.

(D) અખાએ સમાજ-સુધારણાના અસંખ્ય છપ્પા રચ્યા છે.

(III) નીચેના વાક્યમાં યોગ્ય સંયોજક મૂકો.

શહેરમાં ______ કવિ સંમેલન હોય _____ તેઓ અચૂક હાજર હોય.

(A) જો – જ્યારે

(B) જ્યારે - ત્યારે

(C) પણ – કે

(D) એથી – કારણ કે

(IV) નીચેના વાક્ય માટે યોગ્ય સંયોજક શોધો.

સરદાર પટેલ ______ પ્રામાણિકતા _____ પ્રામાણિકતા ______સરદાર પટેલ.

(A) જો, કે, કેમકે

(B) પણ, ત્યારે, જેમ

(C) એટલે, અને, એટલે

(D) જ્યારે, કે, અને

**(C) સૂચના પ્રમાણે સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (કોઈપણ ચાર)** **(4x1=4)**

(I) નીચેનામાંથી પદક્રમ અને પદસંવાદની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

(A) અલગ-અલગ સૂર શરણાઈના અને રિયાઝ કરવાની તાલીમ લીધી.

(B) શરણાઈના અલગ-અલગ અને સૂર રિયાઝ કરવાની તાલીમ લીધી.

(C) શરણાઈના અલગ-અલગ સૂર અને રિયાઝ કરવાની તાલીમ લીધી.

(D) સૂર રિયાઝ શરણાઈના અલગ-અલગ અને કરવાની તાલીમ લીધી.

(II) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

(A) માતૃભૂમિની મહિમા અવર્ણનીય હોય છે.

(B) વતનમાં ગ્રામ્યસંસ્કૃતિની ઝલક અને લોકોની માનવતાની મહેક છે.

(C) વતનપ્રેમની બલિદાન કવિને અધીરું કરે છે.

(D) દેશની આકાશમાં ભગવા રંગની વાવટો લહેરાય છે.

(III) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય લખો.

(A) લોકો સ્વાદિષ્ટ રસોઈની મસાલા કરવા નાખે છે.

(B) ચૌદ નિરાધાર સ્ત્રીઓને નભાવવાનું મારે માથે આવ્યું છે.

(C) લાંબા સમય સુધી ભરણપોષણ હું સૌનું શકું કરી.

(D) માણસ જો શરમજનક કામ કરતો હોય જરૂર ઉપયોગી.

(IV) નીચેના વાક્યોમાંથી કયા વાક્યનો પદક્રમ યોગ્ય છે, તે જણાવો.

(A) આપણને બંનેને ગણાશે ગુનેગાર તોય અમસ્તા કોઈ સાંભળશે

(B) આજે તો જ્યાં જુઓ ત્યાં ચાડી, ચુગલી, નિંદા, પ્રપંચનો પાર નથી.

(C) વહેવા લાગ્યા ચોધાર આંસુ રાણીની આંખમાંથી.

(D) નથી રાખી મેં અબળખા કશી જ.

(V) નીચેનામાંથી લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ યોગ્ય વાક્ય શોધો.

(A) પત્નીને ઊતરી ગળે ગયો વાતનો ઘૂંટડો.

(B) આજણી પાકિ જાય પછી એને નસ્તરથી ફોડીશ.

(C) વિદ્યાચતુરે કુસુમ અને કુમુદને ઉચ્ચ શિક્ષણ અને ઉત્તમ સંસ્કાર આપ્યાં હતાં.

(D) વ્યાપારીયો સવિનય સાથે બીજા ગામ જવા નીકળી ગયા.

**(D) નીચેના વાક્યોના સૂચના પ્રમાણે કાળ ઓળખો. (કોઈપણ ત્રણ)** **(3x1=3)**

(I) નીચેના વાક્યોમાંથી ચાલુ વર્તમાનકાળનું વાક્ય લખો.

(A) પારધીએ પંખીઓને પકડવા ઝાળ બિછાવી છે.

(B) સમય અને શક્તિનો બચાવ કરવાથી સફળતા આવશ્ય મળશે.

(C) આકાશ કાળા કાળા વાદળાઓથી ઘેરાઈ રહ્યું છે.

(D) પર્યાવરણની રક્ષા કરવા વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ કર્યું.

(II) નીચેના વાક્યોમાંથી સાદા ભૂતકાળનું વાક્ય લખો.

(A) અજય અને વિનય હરીફાઈમાં પ્રથમ આવ્યા છે.

(B) જીવનમાં સફળતા મેળવવા મેં અથાગ પરિશ્રમ કર્યો.

(C) સરદાર વલ્લભભાઈ ખૂબ જ હિંમતવાન અને દઢનિશ્ચયી હતા.

(D) સમય અને સંજોગો સદા એક સરખા રહેતા નથી.

(III) નીચેના વાક્યોમાંથી પૂર્ણ ભવિષ્યકાળનું વાક્ય લખો.

(A) પ્રાચીનકાળથી જ વેદ-અભ્યાસની પરંપરા ચાલી રહી હશે.

(B) સત્ય અને અહિંસા મનવજીવનનું સત્ય છે.

(C) હું મોહનને સત્ય અને અહિંસાના પાઠ ભણવીશ જ.

(D) સમષ્ટિ સત્યને મદદ કરતી હશે.

(IV) નીચેના વાક્યોમાંથી સાદા વર્તમાનકાળનું વાક્ય લખો.

(A) બાળકોએ અભ્યાસ માટે સમય ફાળવવો આવશ્યક હતો.

(B) જીવનને સંકુલ બનાવવું એ લોકોનો અભિપ્રાય હતો.

(C) વિધાર્થીઓ સુંદર અક્ષરે લખે છે.

(D) વિજય અને પરાજય એક સિક્કાની બે બાજુ કહેવાય.

## PART B (વર્ણનાત્મક પ્રશ્નો) (40)

### (Literature)

**પ્રશ્ન-7. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **(3x2=6)**

(I) ગંગાસતી કઈ આશા છોડીને શેમાં ધ્યાન ધરવાનું કહે છે?

(II) શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે?

(III) કવિ પ્રભુલાલ દ્વિવેદીને મતે જીવનનો સાર શેમાં સમાયેલો છે?

(IV) 'મેળો આપો તો' કાવ્યમાં કવિ શી અકળામણ અનુભવે છે?

**પ્રશ્ન-8 નીચેના પ્રશ્નનો સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ એક)** **(1x3=3)**

(I) 'વડલો પંખીઓને શું કહે છે? પંખીઓ તેનો શો પ્રત્યુત્તર આપે છે?

(II) 'બેટા, મને પાછી જવા દે' કાવ્યમાં કવિ નગરજીવનની વેધકતા શી રીતે પ્રગટાવે છે?

(III) 'વતનનો તલસાટ' કાવ્યમાં આલેખાયેલું કવિનું કલ્પાંત આલેખો.

**પ્રશ્ન-9 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો. (કોઈપણ ત્રણ)** **(3x3=9)**

(I) 'કુસુમનું કઠણ તપ' શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

(II) 'પૂંજા મેજરની લગની' ચરિત્ર નિબંધને આધારે પૂંજાની નિઃસ્વાર્થપરાયણતા આલેખો.

(III) 'અખાનો સંસારત્યાગ' નાટકમાં વ્યક્ત થતી અખાના સ્વભાવની ખાસિયતો સ્પષ્ટ કરો.

(IV) 'મોરનાં ઈંડાં' શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

(V) સ્વતંત્ર વિચારક તરીકે સૉક્રેટિસનું ચરિત્ર આલેખો.

**પ્રશ્ન-10 નીચેના સાહિત્યકારનો દસ-બાર વાક્યોમાં પરિચય કરાવો. (કોઈપણ એક)** **(1x4=4)**

(I) ઉમાશંકર જોશી

(II) ગોવર્ધનરામ ત્રિપાઠી

## (Effective writing Skill)

**પ્રશ્ન- 11. નીચે આપેલ વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો. (કોઈપણ એક)** **(1x8=8)**

**(I) પ્રાર્થનાનું અદ્‌ભુત બળ :**

**મુદ્દા** : પ્રસ્તાવિક –પ્રાર્થના – પ્રાર્થનાથી થતી આંતરશુદ્ધિ – જગતના સર્વધર્મમાં પ્રાર્થનાનું પ્રાધાન્ય – પ્રાર્થનાનું અદ્‌ભુત બળ – ઉપસંહાર.

**(II) વર્તમાન ભારતના સળગતા પ્રશ્નો :**

**મુદ્દા** : પ્રસ્તાવના – ભારતની વર્તમાન સ્થિતિ - વિવિધ સમસ્યાઓ –નિવારણના ઉપાયો – ભારતના નાગરિક તરીકે ફરજ – ઉપસંહાર.

**(III) જીવનમાં ઉત્સવોનું મહત્ત્વ:**

**મુદ્દા :** પ્રસ્તાવના – પરંપરાગત ઉત્સવો - ઉત્સવોનું જીવનમાં મહત્ત્વ – ઉત્સવોની ઉજવણીમાં અવિવેક – ઉપસંહાર.

**પ્રશ્ન 12 પર્યાવરણની જાળવણી અંગે યોજાયેલી એક કાર્યશિબિરની સાથે ઉજવાયેલા 'વૃક્ષારોપણ દિન'ની માહિતી આપતો અહેવાલ વર્તમાનપત્રના તંત્રીને લખો.** **(1X5=5)**

**અથવા**

**તમારી શાળામાં યોજાયેલા રમતોત્સવનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.**

**પ્રશ્ન-13. તમારા વિસ્તારમાં ઘણા વખતથી ચાલતા મેટ્રો ટ્રેનના કામને કારણે અનુભવવી પડતી મુશ્કેલીઓ અંગે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખો.** **(1x5=5)**

**અથવા**

**વિદ્યાર્થીઓને પરીક્ષાના ભયમાંથી મુક્ત કરવા યોજાયેલી કાર્યશિબિર વિશે માહિતી આપીને તેને વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવા વિનંતી કરતો પત્ર વર્તમાનપત્રના તંત્રી(સંપાદક)ને લખો.**

************************